પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૪ ૬ નવેમ્બર, ૨૦૧૯, બુધવાર; કારતક સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં શિવસેનામાં ભંગાણના એંધાણ

## ભાજપ અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને અપક્ષ ધારાસભ્યનો ટેકો : શિવેસના ભાજપ સાથે સરકાર બનાવવા આગળ નહીં આવે તો શિવસેનાના ૨૫થી વધુ ધારાસભ્ય તુટશે : ફડનવીસ સાથે તમામ સંપર્કમાં હોવાનો દાવો

મુંબઈ, તા. ૫

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને જોરદાર મડાગાંઠની સ્થિતિ પ્રવર્તી રહી છે. આ મડાગાંઠનો વહેલીતકે ઉકેલ આવે તેવા કોઈ સંકેત દેખાતા નથી. બીજી બાજુ શિવસેનાના જિદ્દી વલણના કારણે નવા સમીકરણો રચાવવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. શિવસોનામાં ભંગાણના ભણકારા પણ વાગી રહ્યા છે. આનો સંકેત આમરાવતી જિલ્લાના બદનેરા મતક્ષેત્રમાંથી ચૂંટાયેલા અપક્ષ ધારાસભ્ય રવિ રાણાએ આજે આપ્યો હતો. રવિ રાણાએ ભાજપને ટેકો આપ્યો છે. સાથે સાથે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને પણ ટેકો આપ્યો છે. તેઓ કહી ચુક્યા છે કે, જો શિવસેના ભાજપ સાથે સરકાર બનાવવાની દિશામાં આગળ નહીં વધે તો આ પાર્ટીમાં ચોક્કસપણે ભંગાણ પડશે. શિવસેનાના નેતા અને સામનાના કારોબારી તંત્રી સંજય રાવતને પાર્ટીની કઠપુતળી ગણાવીને રાણાએ કહ્યું છે કે, દેવેન્દ્ર ફડનવીસ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર જવાબદારી લેશે. તેમણે કહ્યું હતું કે, સેનાને

● અનુસંધાન પાન-૭ પર




## નવા મુખ્યમંત્રી શિવસેનાના જ રહેશે : રાવત

### મુખ્યમંત્રી પદને લઇને શિવસેનાનું જિદ્દી વલણ : સરકાર રચવાને લઇ મહારાષ્ટ્રમાં મડાગાંઠ હજુ યથાવત

મુંબઈ, તા. ૫

શિવસેના હજુ પણ મુખ્યમંત્રી પદને લઈને જિદ્દી વલણ અપનાવી રહ્યું છે. સરકારની રચનામાં મડાગાંઠ વચ્ચે શિવસેનાના નેતા સંજય રાવતે આજે પણ કહ્યું હતું કે, રાજ્યમાં આગામી મુખ્યમંત્રી તેમની પાર્ટીના રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, મહારાષ્ટ્રની રાજનીતિ હવે બદલાઈ રહી છે. તેમની પાર્ટી ન્યાય માટે લડત ચલાવીને જીત મેળવશે. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર અંગે નિર્ણય મહારાષ્ટ્રમાં લેવામાં આવશે. મુખ્યમંત્રી શિવસેનાના રહેશે. એનસીપીને મનાવવાના પ્રયાસ શિવસેના તરફથી કરવામાં આવી રહ્યા છે તેવા અહેવાલ અંગે વાત કરતા રાવતે કહ્યું હતું કે, શરદ પવાર રાજ્યના આગામી મુખ્યમંત્રી તરીકે રહેશે નહીં. મહારાષ્ટ્રમાં રાજનીતિ બદલાઈ રહી છે. ન્યાય માટેની અમારી લડત જારી રહેશે.

## વકીલો સાથે સંઘર્ષના મામલે પ્રથમ વખત પોલીસ કર્મીઓ દ્વારા પણ વિરોધ પ્રદર્શન

### દિલ્હી પોલીસની કેટલીક માંગણી સ્વીકારવા ખાતરી : માંગ સ્વીકારાઈ છતાં પોલીસ કર્મીઓ લડાયક : વકીલો સામે પગલાની માંગણી

મુંબઈ, તા. ૫

વકીલો અને પોલીસ વચ્ચે ખેંચતાણનો મામલો યથાવતરીતે આગળ વધ્યો છે. આના સંદર્ભમાં કેટલીક માંગોને લઈને જિદ્દી વલણ અપનાવી રહેલા પોલીસ કર્મીઓને સિનિયર અધિકારીઓએ માંગ સ્વીકાર કરવાની ખાતરી આપી છે. પોલીસ અને વકીલ વચ્ચેના વિવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયની પણ એન્ટ્રી થઈ છે. હાઈકોર્ટ પાસેથી તેના આદેશ પર સ્પષ્ટીકરણની માંગ કરવામાં આવી છે. દિલ્હીમાં પોલીસ કર્મીઓ અને વકીલો વચ્ચે ખેંચતાણનો મામલો દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહ્યો છે. દિલ્હીમાં પ્રથમ વખત સેંકડો પોલીસ કર્મીઓ અને તેમના પરિવારના સભ્યોએ આજે વિરોધ પ્રદર્શન કરીને દેખાવો કર્યા હતા. પોતાના હેડક્વાર્ટરની બહાર જોરદાર માંગ

● અનુસંધાન પાન-૭ પર

## ગુજકોક કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરી

### મહારાષ્ટ્ર બાદ ગુજરાતને અલગ કાયદો મળ્યો : આતંકવાદી પ્રવૃત્તિઓ અટકશે : કાયદાના અમલથી પોલીસ અધિકારીઓને વધુ સત્તાઓ મળશે : ગુનેગારો સામે કડક હાથે કામગીરી લઇ શકાશે,ખાસ વકીલોની નિમણૂક થશેઃ પ્રદિપસિંહ જાડેજા

ગાંધીનગર,તા.૫

ગુજરાત જેવા સરહદી રાજયમાં આતંકવાદ સહિત સંગઠિત ગુનાખોરીનું નિયંત્રણ થાય તે માટે ૨૦૦૩માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં ગુજરાત વિધાનસભામાં ગુજકોકનો કાયદો પસાર કરીને કેન્દ્રને મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. જે કાયદાને ૧૬ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનમાં રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ કાયદા વિધેયકને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી છે જેના કારણે રાજયની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થશે અને પોલીસ અધિકારીઓને પુરતું બળ પણ મળશે એવું ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે.

તેઓએ વધુમાં જણાવ્યું કે, સંગઠીત ગુના ખોરી કે જેને કોઈ રાષ્ટ્રીય સીમાઓ લાગુ પડતી નથી તેને નિવારવા માટે ગુજરાતને આગવો કાયદો મળી રહે તે માટે ગુજરાત સરકારે વિધાનસભામાં કાયદો પસાર કર્યો છે જેને આજે મંજૂરી મળી છે. આ કાયદાના અમલથી સોપારી આપવી (કોન્ટ્રાક્ટ કિલીંગ), ધાક ધમકીથી પૈસા પડાવવા, પ્રતિબંધિત માલની દાણચોરી કરવી, ગેરકાયદે કેફી

● અનુસંધાન પાન-૭ પર

ખુબ વધે નામના તમારી
એવી અભ્યર્થના અમારી



શ્રી નરેશભાઈ દવે
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન

ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ શ્રી નરેશભાઈ દવે તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા....

-● શુભેચ્છક ●-

પિનાકીનભાઈ રાવલ - પ્રમુખશ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર
ઉપાધ્યાય કેટર્સ - કમલેશભાઈ ટી. ઉપાધ્યાય
શ્રી રાવલ મંડપ ડેકોરેશન - ચેતન રાવલ
ધ ડાયમંડ ગૃપ - જીગરભાઈ ત્રિવેદી
શ્રી વારાહી મંડપ ડેકોરેશન - વિનયભાઈ દવે
અખિલેશભાઈ પુરોહિત - કથાકાર
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર પરિવાર

## મહા વાવાઝોડાની તીવ્રતામાં ઘટાડો

### સાવેચતીના પગલારુપે ૧૦ હેલિકોપ્ટર તૈયાર : ૭મીએ વાવાઝોડું ૮૦થી ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી દિવ-પોરબંદર વચ્ચે ટકરાશે : ભારે વરસાદની સંભાવના

નિવૃત્ત અધિકારી જોઈએ છે
કોર્પોરેટ કંપનીના કામ માટે નિવૃત્ત અધિકારી જોઈએ છે. મહેસુલ, કાયદા,શહેરી વિકાસ વિગેરે વિભાગોનો અનુભવ ધરાવતા હોય તેવા S.O./ U.S./ Dy.S. કક્ષાના અધિકારી. વોટ્સએપ અથવા ઈ-મેઈલથી બાયોડેટા મોકલો.
klspl2286@gmail.com
(M.) 96626 48086

ગાંધીનગર,તા. ૫

અરબી સમુદ્રમાં સર્જાયેલા મહા વાવાઝોડાની તીવ્રતા સામાન્ય ઘટ્યા બાદ તે ગુજરાત તરફ ફંટાયુ છે અને આગળ વધી રહ્યું છે. મહાની અસરથી સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો, સોમનાથ, દ્વારકા, પોરબંદર, દીવ અને જામનગર સહિતના દરિયાકાંઠે દરિયો તોફાની બનવાની શક્યતા છે. હાલ આ વાવાઝોડું પોરબંદરથી ૬૬૦ કિમી, વેરાવળથી ૭૨૦ અને દીવથી ૭૭૦ કિમી દૂર છે. હવામાન વિભાગના ડાયરેક્ટર જંયત સરકારે જણાવ્યું હતું કે, તા.૭ નવેમ્બર સવારે વાવાઝોડું દીવ અને પોરબંદરની વચ્ચે ત્રાટકશે, પરંતુ આ દરમ્યાન વાવાઝોડાની ઝડપ ઘટીને ૭૦થી ૮૦ કિમી સુધી થઈ જશે. વાવાઝોડાના કારણે તા.૭ નવેમ્બરે ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિત અમદાવાદમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. તો, તા.૮ નવેમ્બરથી હવામાન સામાન્ય થઈ જશે એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું. બીજીબાજુ, મહા વાવાઝોડાની આગાહીને લઈ રાજય સરકાર અને તંત્ર એકદમ હાઈએલર્ટ પર છે અને એનડીઆરએફની ઉપથી વધુ ટીમો તેમ જ ૧૦ હેલિકોપ્ટર દરિયાકાંઠાના વિસ્તારોમાં એકદમ તૈયાર રખાયા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર જયંત સરકારે જણાવ્યું હતું કે, મહા વાવાઝોડાની અસરના ભાગરૂપે આવતીકાલે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. જેમ જેમ વાવાઝોડું આગળ વધશે તેમ સૌરાષ્ટ્રમાં વરસાદ ઓછો થતો રહેશે.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

Happy New Year
WORLD OF LED PRODUCT
APEX LEDs ...ideas unlimited..!
Works
E-236, GIDC Electronics Estate, Sector-26,
Gandhinagar-382 028 Gujarat(India)
M.: +91-98250 42439
Telefax : 91-79-23287800
www.apexled.in
OUR PRODUCTS
LED DISPLAY
LED PHOTO FRAME
LED WRITING BOARD
LED BILL BOARD
LED BACKLIT BOARD
LED SIGN BOARD
Apex Electronics
Rishi graphic-9825432397